# સંસ્કૃત કવિતાની નવી ભાવભૂમિ | ડૉ. રીતા ત્રિવેદી

[**'तव स्पर्शे स्पर्शे'** : ડૉ. હર્ષદેવ માધવ, પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૦૪, પૃ. ૨૦૮, રૂ. ૧૫૦]

સંસ્કૃત કાવ્યજગતને પોતાના નવોન્મેષી સર્જનથી ભરી દેનાર આધુનિકતાવાદી કવિ ડૉ. હર્ષદેવ માધવ સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત કરે છે તે થોડીક મોડી પરંતુ સુખદ અને સુયોગ્ય ઘટના છે.

'रथ्यासु जम्बूवर्णानां शिराणाम्' (પ્રથમ કાવ્યસંગ્રહ, ૧૯૮૫)થી આરંભાયેલી ડૉ. હર્ષદેવ માધવની કાવ્યયાત્રાનું સત્તરમું પગથિયું એટલે 'तव स्पर्शे स्पर्शे' નામનો સંસ્કૃત ભાષાનો કાવ્યસંગ્રહ, જેને સાહિત્ય અકાદમીનો સંસ્કૃત ભાષાનો પુરસ્કાર પ્રાપ્ત થયો. ડૉ. હર્ષદેવ માધવ ગુજરાતના બહુભાષાવિદ્ કવિ છે. સંસ્કૃત અને ગુજરાતી એ બંને ભાષાઓમાં તેઓ કાવ્યસર્જન કરે છે. સંસ્કૃત ભાષામાં તેમના કુલ ૨૦ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે, તો ગુજરાતી ભાષામાં કુલ ચાર કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. કવિ ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમીના પુરસ્કાર, ભારતીય ભાષા પરિષદનો 'કલ્પવલ્લી' પુરસ્કાર અને સરસ્વતી વિકાસ, કૅનેડાનો 'રામકૃષ્ણ સંસ્કૃત પુરસ્કાર' મેળવી ચૂક્યા છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનાં કાવ્યો જાણીતાં થયાં છે. 'Poet', 'Poetry'માં તેમની રચનાઓ સ્થાન પામી છે.

'तव स्पर्शे स्पर्शे' હર્ષદેવ માધવનો સત્તરમો કાવ્યસંગ્રહ છે. તેમાં કુલ અગિયાર વિભાગ અને એકસો ઓગણચાલીસ કાવ્યો છે. ઓગણીસસો સિત્તેરથી ઓગણીસસો નેવું સુધીની કવિની કાવ્યયાત્રા અહીં પ્રગટ થઈ છે.

સાંપ્રત સંસ્કૃત કાવ્યપ્રવાહમાં ડૉ. હર્ષદેવ માધવે પોતાની પ્રતિભાના બળે જે એક નવો જ ચીલો ચાતર્યો છે તેનો પરિચય આ કાવ્યસંગ્રહનાં કાવ્યોમાં પ્રાપ્ત થાય છે.

સૉનેટ, મુક્તકો, ગઝલો ગુજરાતીમાં કવિ કાન્તે સર્જ્યાં છે તેવાં ખંડકાવ્યો, ગીતિકાવ્યોના સ્તબક, શિશુગીત, અછાન્દસ કાવ્યો, ગઝલો, વ્યક્તિવિશેષ કે સ્થાનવિશેષનાં કાવ્યો વગેરે અનેક કાવ્યપ્રકારો અહીં પ્રગટ કરીને કવિએ વૈવિધ્યસભર રીતે પ્રસ્થાપિત કર્યું છે કે કાવ્ય હૃદયનું ગાન છે. તેને ભાષા કે સ્વરૂપગત પ્રશ્નો ક્યારેય નડતા નથી. અહીં પ્રકૃતિનાં ચિત્રો માનવના અંતસ્તલથી રંગાયેલાં છે તો ક્યાંક તત્ત્વચિંતકની અદાથી કવિની કલમ વૈશાખી પૂર્ણિમાના રંગો રેલાવે છે. વિષમ વાસ્તવિકતાના જીવનનું આલેખન કરતા આ કવિ પરકાયાપ્રવેશનાં કાવ્યોની ક્ષણવિશેષને પકડીને પાઠકને વિચારતા કરી મૂકે છે. માનવતા અંતસ્તલનો ધબકાર આ કવિને જો ગમતો વિષય છે, તો ભારતીય મૂલ્યોનો સ્વીકાર પણ આ કવિની કવિતાની એક વિશિષ્ટ મુદ્રા છે. મે માસમાં પીગળતું, બરફના ખંડો તૂટતાં અંદરથી 'અસ્તિત્વ'ની પીડા અનુભવતું માનસ સરોવરનું પાણી, યેશોમાઈટની ગુફામાં 'લેકુન' પ્રાણીની આંખના કૂંડાળામાં ડોકાતો અંધકાર, બાંગ્લાદેશની સીમા પાસે 'ડર નહીં'નો નિર્ભય સંદેશ આપતી કપોતાક્ષી નદી, શયનખંડના દરમાં કોહવાતા ઉંદરના પ્રતીકમાં સડતો પ્રેમ, કમલિનીની જાંઘનું ઓશીકું કરીને સૂઈ જતો સૂર્યમુખીના તેજવાળો સૂરજ, પ્રેમના પ્રચંડ આવેગમાં વહેતી એમેઝોન એવી 'तव स्पर्शे स्पर्शे'ની કાવ્યસૃષ્ટિ છે. આથી જ આ કવિનું કાવ્યજગત એક બાજુથી ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોથી રસાયેલું છે તો બીજી બાજુથી વર્તમાનની વિષમતાઓથી રંગાયેલું પણ છે. કવિ પોતાના કાવ્યજગતને પ્રતીકની ઘેરી, રંગભરી અર્થચ્છાયાઓથી સૌન્દર્યાન્વિત કરવામાં નિપુણ છે. ભાષા અને લયના સાયુજ્ય વડે ડૉ. હર્ષદેવ માધવ બારીક કોતરણીની ભાવછાયાઓ આમ પ્રગટાવે છે :

**एकं तृणं त्वं नय हे प्रिये ! च**
**तृणं तथैकं पुनरानयामि ।**
**आगच्छ नीडे रचिते सुरम्ये**
**सान्निध्यमेव तव प्रार्थयामि ।** (પૃ. ૧૫)

સહજીવનની પ્રાથમિક શરતોને કવિ આમ સહજતાથી આલેખીને પછી શબ્દ મૂકે છે જે ઘણું બધું કહી જવા સમર્થ પ્રતીક બની રહે છે.

ક્યારેક ભક્તિ, પ્રસિદ્ધ કથાઓ અને ઔપનિષદિક જ્ઞાનનો સમન્વય, આત્મજ્ઞાનનું આવું ભાવવાહી ગીત આપે છે.

**જૂની ઝૂંપડીમાં – તારા અજવાસથી**
**હું મારા ઘોર અંધકારને શણગારું છું**
**બ્રહ્માંડમાં પરપોટા જેમ**
**હું નમેલા ખભા પર લઈને**
**મારું શબ લઈને ફરું છું.** (પૃ. ૧૭)

અછાન્દસ કાવ્યો આ સંગ્રહની વિશેષ ઓળખ છે. સંસ્કૃત જેવી પ્રાચીન અને શૈલીનાં ચુસ્તબંધનો ધરાવતી આ સંસ્કૃત ભાષામાં કવિની કલમ મુક્ત વિહાર કરે છે, અછાન્દસની લીલા વડે. આ કવિની લેખણ ગીતિકાવ્યમાં અંતસ્તલને આલેખવામાં ઉપકારક નીવડે છે; જેમ કે,

**મધુર સલિલા નદી પ્રિયે ! તું**
**ખારું જળ મુજ ગૃહ છે.** (પૃ. ૪૨)

વર્તમાનમાં ઈશ્વરની – પરમતત્વની શોધ કરતાં કરતાં માનવજાત એ સમયના વળાંક ઉપર આવીને ઊભેલી દેખાય છે જ્યાં સંવેદનશીલનું અસ્તિત્વ આખુંય હલબલી જાય; જેમ કે,

**'ઈશ્વર' નામનો કોઈ**
**હોય કે ન હોય**
**હું જોઉં છું**
**માણસમાં મરતા મનુષ્યત્વને.** (પૃ. ૫૨)

નક્કર વાસ્તવિકતાનું દર્શન ચિંતનશીલ માનવને જે ક્ષણો આપી જાય છે તેનું નાજુક આલેખન અહીં જોવા મળે છે. અનુભૂતિ અને કલ્પના, આ બે શસ્ત્રો કોઈ પણ સર્જકને વિજયશ્રી આપનારાં શસ્ત્રો છે. આપણા કવિ આ બંને હથિયારોથી સજ્જ છે. તેથી જ પરકાયાપ્રવેશનાં કાવ્યોમાં કવિ જે-તે પાત્રોની કેટલીક એવી ક્ષણોના સાક્ષી બને છે જેની નોંધ ઇતિહાસ પાસે નથી. દા.ત. રામની વનવાસના પ્રથમ દિવસની અનુભૂતિ –

**હું તો જાણું છું**

કે –

**મારા શરીરના પડછાયાનું નામ**

**'જાનકી' છે.** (પૃ. ૯૯)

ઘોર અરણ્યમાં રાજકુમાર રામનું મન જાનકીની ઉપસ્થિતિથી જે હાશકારો અનુભવતું હશે તે ભાવ કેટલી સહજતાથી અહીં પ્રગટ્યો છે !

કૃષ્ણના ક્યારેય શબ્દસ્થ ન થયેલાં પત્રની આ પંક્તિ જુઓ – માધુર્યમંડિત કૃષ્ણના મુખની પાછળ એ ક્યાં છુપાયેલી હશે !

**'યમુના' જુદી નથી**

**એના પાણીથી**

**રાધા ! હું તારું જળ છું.** (પૃ. ૧૦૬)

માનવહૃદયના સૂક્ષ્મ ભાવસંચલનો પામવા માટે આ કવિ પાસે અનુભૂતિ ને કલ્પનાની સાથે જ સરળ અભિવ્યક્તિ પણ છે. પરિણામે કવિનું કથ્ય સત્ય બનીને છવાય છે. 'पंगुर्लंघयते गिरिम्' જેવા પ્રસિદ્ધ શ્લોકાર્ધની પાછળ ઊભેલા મૌન પડઘાઓ કવિના કાવ્યનો વિષય બનીને મુખરિતપણે આમ બોલી ઊઠે છે –

**એ લંગડો થયો**

**કોની અવકૃપાથી ?**

**આતંકવાદીઓ**

**સાપનાં ઈંડાંની જેમ**

**કોની કૃપાથી જન્મે છે ?** (પૃ. ૧૨૪)

સૉનેટ જેવો વિદેશી કાવ્યપ્રકાર કે ટાઇપોગ્રાફીની મદદથી 'पिरामीडकाव्ये' જેવી કૃતિ અહીં ધ્યાનાર્હ છે, જે સંસ્કૃત કાવ્યજગતની રૂઢ પરિપાટીથી અલગ તરી આવે છે. ક્યાંક કવિ પ્રત્યાયનની કલાને અદ્‌ભુત રીતે પ્રયોજી જાણે છે. દા.ત., 'पत्रालये'ની આ શબ્દલીલા જુઓ :

**पंचविंशतिपैसामूल्याङ्किते पत्रे**

**विवाहाभ्यर्थना । विप्रयोगः**

**संयोगः । मृत्युः**

**आत्महत्या । गान्धर्वविवाहार्य प्रार्थना...**

**आदेशाः । अध्यादेशाः ।...**

પોસ્ટઑફિસના વિવિધ પત્રોમાં કવિ ભાવકને પ્રત્યાયન કરાવે છે જે હમણાં જ કોથળામાંથી માનવનાં સુખ-દુઃખ નીકળે છે. (પૃ. ૨૦૩)

'અલકનન્દા'ને ઉદ્દેશીને રચાયેલાં અછાન્દસ ગીતોમાં વર્તમાનના વિષાદમય આલેખન કરતાં સાવ જુદું જ કાવ્યલેખન પ્રાપ્ત થાય છે. ક્યાંક લય તો ક્યાંક પ્રતીકના આયોજનથી તો ક્યાંક યુવાહૃદયનાં સ્પંદનો રોમૅન્ટિક મિજાજમાં પ્રગટે છે; જેમ કે,

**હે અલકનન્દા !**

**'સ્વપ્ન'ની 'શિકારા' લઈને**

**તું આવી ચડે**

**મારા 'મનોરથ'રૂપી શ્રીનગરમાં**

**ત્યારે**

**મારી રક્તવાહિનીઓમાં**

**ઊછળે 'જેલમ'નો પ્રવાહ.** (પૃ. ૧૫૫)

વિદેશી સ્થળો, વિદેશી વ્યક્તિના કે પ્રાચીન પાત્રના ભાવવિશેષને કવિ એકસરખી રીતે સંવેદીને તેનું પ્રત્યાયન ભાવક સુધી કરી શકે છે. ગઝલ જેવા ઉર્દૂ કાવ્યપ્રકારમાં પણ કવિસ્પંદનો વિષાદમય ચિત્રો દોરે છે. ક્યાંક તેમાં નવોન્મેષી સર્જનો માણવાલાયક બની રહે છે.

'तव स्पर्शे स्पर्शे'ની કવિતા સંસ્કૃત કવિતાની નવી જ ભાવભૂમિ સ્થાપીને પોતાનું આગવું સ્થાન સિદ્ધ કરે છે. કવિ પાસે સંસ્કૃત સાહિત્ય અને ભારતીય પરંપરાથી રસાયેલું મન છે, જેમાં શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ છે. પરંતુ, કવિ જીવે છે વર્તમાન સમયમાં, જ્યાં તેમની ચારે બાજુ બદલાયેલી નૈતિક, સામાજિક દૃષ્ટિ, માનવગૌરવનો લેપ, યાંત્રિકીકરણ અને તેમાંથી ઉદ્‌ભવેલી સમસ્યાઓ પણ છે જ ! આથી જ કદાચ ડૉ. હર્ષદેવ માધવની કવિતા સંસ્કૃતભાષી કવિતા હોવા છતાં વિદેશી ધરતી, વિદેશી વ્યક્તિ કે વિદેશી ભાવ અને રચનાસ્વરૂપને અપનાવે છે તો છંદોબદ્ધ કે છંદહીન એવી કાવ્યજાળ પણ રચે છે. પરિસ્થિતિને જક્સ્ટાપોઝ કરીને, કલ્પનાના મનોહારી ઉડ્ડયનો થકી માનવમનનાં સૂક્ષ્મસંચલનોના આલેખન વડે, ભાષાકર્મ સાથે, પ્રતીક, પુરાકલ્પન કે પરકાયાપ્રવેશ વડે આમ અનેક રીતે કવિની કવિતા અહીં શબ્દસ્થ થઈ છે. ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી એટલે જ કહે છે કે, ''समकालीन संस्कृत कविता के परिदृश्य में हर्षदेव माधव की उपस्थिति एक जाग्रत चमत्कार है ।'' દિલ્હીનો સંસ્કૃત ભાષા માટેનો સાહિત્ય અકાદમીનો અવૉર્ડ કવિ પાસેથી વધુ ને વધુ ઉજ્જ્વળ એવા આવતીકાલનાં કાવ્યપૃષ્ઠોનો સંકેત આપે છે.

r